॥ ॐ ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

卐

ના

જ્ઞાતિ રીત રિવાજોને લગતા નિયમો

"આ નિયમોનું સાંગોપાંગ નિષ્ઠાપૂર્વક પાલન કરવું એ આપણી સૌ જ્ઞાતિ ભાઇ બહેનોની પવિત્ર ફરજ છે."

પ્રકાશક : શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન,
નખત્રાણા (કચ્છ)

કિંમત ૦-૨૫ પૈસા

॥ ॐ ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

卐

ના

જ્ઞાતિ રીત રિવાજોને લગતા નિયમો



"આ નિયમોનું સાંગોપાંગ નિષ્ઠાપૂર્વક પાલન કરવું એ આપણી સૌ જ્ઞાતિ ભાઇ બહેનોની પવિત્ર ફરજ છે."

પ્રકાશક : **શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ**
પાટીદાર વિદ્યાર્થી ભવન,
નખત્રાણા (કચ્છ)

કિંમત ૦-૨૫ પૈસા

નિવેદન

આપ સૌ જાણો છો તેમ આપણી જ્ઞાતિનાં ભાઇ બહેનો કચ્છ તેમજ કચ્છ બહાર સારા પ્રમાણમાં વસી રહ્યાં છે જેનો આવતી પેઢીઓનો સબંધ જુદા જુદા પ્રદેશોમાં વસતા જ્ઞાતિ ભાઇઓ સાથે કેવો રહેશે તે જાણવું મુશ્કેલ થઇ પડે તેવું હતું. તેથી જ્ઞાતિનાં સબંધ હમેશાં જળવાઇ રહે તે માટે ભારતભરમાં વસતા કચ્છી પાટીદાર ભાઇ બહેનોનું લગ્ન, મરણ અને એવા શુભ અશુભ પ્રસંગોએ પાળવાના ધારા–ધોરણનું બંધારણ બનાવવું જરૂરી જણાયું.

ઉપરોક્ત ઉદ્દેશોને પહોંચી વળવા માટે સમસ્ત જ્ઞાતિને માન્ય હોય, અમલ કરવામાં ઓછા બોજારૂપ અને વિઘ્ન રહિત હોય અને જે ધારા–ધોરણો આજના જમાનાનાં માનસને અને જીવનને અનુરૂપ હોય અને જે જ્ઞાતિને પ્રગતિના પંથે દોરી જાય એવા રીત – રિવાજોનું બંધારણ ઘડવા માટે કચ્છ નખત્રાણામાં બોર્ડિંગના ઉદ્‌ઘાટન પ્રસંગે જ્ઞાતિની એક પરિષદ બોલાવવાનું તા. ૧–૫–૧૯૬૦ ના રોજ આપણા આગેવાનોએ નક્કી કર્યું હતું અને તે પરિષદમાં લગભગ વીશ હજાર ભાઇ–બહેનોની હાજરીમાં આપણા ઉદ્દેશોને અનુરૂપ ઘડાયેલ બંધારણને માન્ય ઠરાવવામાં આવ્યુ હતું.

પરંતુ પ્રગતિશીલ જમાનામાં સમયના વહેણુ સાથે બીજી શિક્ષિત અને સંસ્કૃત જ્ઞાતિઓ સાથે આપણી જ્ઞાતિએ પણ કદમ મીલાવવા જરૂરી જ નહિં પણ અનિવર્ય છે એમ આપણા કેટલાક પ્રતિનિધિઓને લાગ્યું અને તેના ફળસ્વરૂપે તેઓએ તા ૨૪–૫–૭૧ ના એક સામાન્ય સભા નખત્રાણા બોર્ડિંગમાં રાખવાનું નક્કી કર્યું.

આ રીતે તા. ૨૪-૫-૭૧ ના રોજ નખત્રાણા વિદ્યાર્થી ભુવનમાં મળેલ પરિષદમાં કચ્છ તેમજ સમગ્ર ભારતમાં જુદે જુદે સ્થળે વસતા લગભગ સાડા ત્રણ હજાર ભાઇ બહેનોએ હાજરી આપી હતી. આ પરિષદમાં મુળ બધારણને લક્ષમાં રાખી ફકત તેમાં સમયોચિત ફેરફારો કરવાનું નકકી કર્યું આ રીતે સુધારા વધારા સાથેનું બંધારણ આ પુસ્તીકામાં પ્રગટ કરવામાં આવેલ છે.

આ ધારાધોરણોના બંધારણ મુજબ કચ્છ, ગુજરાત અને ભારત-ભરમાં વસતા દરેક કચ્છી કડવા પાટીદાર ભાઇબહેનોએ વર્તવાનું છે. આશા રાખવામાં આવે છે કે ચાલુ યુગને અનુંસરીને તે મુજબ સર્વનો પુરતો સાથ સહકાર મળી રહેશે.

દરેક ગામના આગેવાનોને વિનંતી કરવામાં આવે છે કે આજના સમયને અનુરૂપ અને જ્ઞાતિના ગરીબ તવંગર સર્વે ઓછા ખર્ચે સામા-જિક રીતરિવાજો અપનાવી શકે એ હેતુથી આ ધારાધોરણ તૈયાર કર-વામાં આવ્યાં છે તેનો પુરેપુરો અમલ થાય તે માટે દરેક આગેવાન જ્ઞાતિના સમજુ ભાઇબહેનોની ફરજ બની રહે છે કે તેઓ પોત પોતાના ગામમાં લોકોને આ બંધારણની સમજુતી અને તે દ્વારા થવાના ફાય-દાઓ સમજાવી અને વારંવાર આવી જાતની સમજુતીઓ આપવા પ્રચાર સભાઓ ભરી સમસ્ત જ્ઞાતિએ મળીને ઘડેલા આ ધારાધોરણને અમલમાં લાવવા માટે પુરતો સાથ અને સહકાર આપે એજ અભ્યર્થના.

આપનો,
શીવદાસ કાનજી પટેલ
તા. ૨૪-૫-૧૯૭૧
પ્રમુખ, શ્રી અખિલ ભારત કચ્છ
કડવા પાટીદાર, પરિષદ.

શ્રી અખિલ ભારત કડવા પાટીદાર સમાજ

તા. ૨૪–૫–૧૯૭૧ ના રોજ મળેલ સમાજની સામાન્ય સભા ઉપરાંત આપણી જ્ઞાતિના ગામે ગામથી પધારેલા આગેવાન કાર્યકર ભાઈબહેનો સમક્ષ રીત રિવાજોમાં સુધારા વધારા કરેલ તે ઠરાવો.

:: ઠ રા વો ::

ઠરાવ ૧ લો

અગાઉ તા. ૧૦–૫–૧૯૬૦ ના રોજ મળેલ આપણી જ્ઞાતિની પરિષદના ખુલ્લા અધિવેશનમાં પસાર કરેલ જ્ઞાતિના રીતરિવાજોને આજ અગીયાર વરસ પુરા થઈ બારમાં વર્ષની શરૂઆત થાય છે. આ સમય દરમ્યાન અનુભવથી જણાયું કે — અમુક અમુક ઠરાવોમાં સમયોચિત સુધારા વધારા કરવાની જરૂર જણાતાં જ્ઞાતિના ભાઈ બહેનોની આજની મુળ આ સભા બંધારણ કાયમ રાખી તેમાં સુધારા વધારા કરવાની સુચના આપે છે.

ઠરાવ ૨ જો (મુળ ઠરાવ કાયમ)

બોલામણા સંબંધે

બાળકના જન્મ પછી બોલાવવાના પ્રસંગે બાળકની માતાના સગાભાઈ તથા કાકાઈ ભાઈઓએ જ માત્ર જવાનું રહેશે. અન્ય કોઈએ જવાનું નહીં. અને આવા પ્રસંગે એક ટાણાંથી વધુ કોઈએ રોકાવું નહિ.

ઠરાવ ૩ જો (મુળ ઠરાવ કાયમ)

વિયાતર આપવા સંબંધે

દિકરીને પહેલું બાળક જન્મે, ત્યારે તે નિમિત્તે વિયાતર (પછેડો)

આપવા માટે દીકરીને પોતાને ઘેર બોલાવીને આપવું. વિયાતર આપવા માટે દીકરીના સાસરાને ઘરે જવું નહિ.

ઠરાવ ૪ થો (મૂળ ઠરાવ કાયમ)

સગપણ કરવા સબંધે.

(અ) બાળકોનાં તદન નાની વયે સગપણ કરવા નહિ. સગપણ કરવા માટે વય મર્યાદા નીચે મુજબ રહેશે.

(૧) છોકરાની વય ઓછામાં ઓછી પુરાં ૧૪ વર્ષ

(૨) છોકરીની વય ઓછામાં ઓછી પુરાં ૧૦ વર્ષ.

(બ) સગપણ કરતી વખતે દીકરાના માવિત્રોએ નીચેની વસ્તુઓ આપવી.

(૧) સોપારી નંગ ૧ (૨) ટોપરાં નંગ ૨

(૩) ગોળ અથવા સાકર કીલો ૧ા (૪) રૂપીઓ એક રોકડો

ઉપર જણાવ્યા સિવાય સગપણ કરતી વખતે પૈસાની કે બીજી કોઇપણ વસ્તુની લેતીદેતી કરવી નહી.

(ક) સામ સામે સગપણ કરવા નહીં.

ઠરાવ ૫ મો (સુધારા સહિત)

સગાઇ (ટીલાં) સબંધે.

સગાઇ (ટીલાં) પ્રસંગ વખતે દીકરાનાં માવિત્રોએ નીચેની વસ્તુઓ લઇ જવી

૧ સુતરાઉ ઓઢણી નંગ ૧.
૨ ગોળ અથવા સાકર કીલો ૧ા.
૩ રૂપીઓ ૧–૨૫ રોકડા.

૪ પગનાં સાંકળા જોડી ૧

૫ નાકની સળી નંગ ૧

આ પ્રસંગે બે જણે જવું અને બે ટાણાંથી વધારે રોકાવું નહિ.

ઠરાવ ૬ ઠ્ઠો (મૂળ ઠરાવ કાયમ)

તહેવારોનાં લાગા સબંધે :-

સગપણ થયા બાદ આવતા તહેવારોએ લાગો (સંપેતરૂ) નીચે મુજબ મોકલવાનું રહેશે

સપગણ થયા પછીના પહેલા તહેવારે દીકરાના માવિત્રોએ રૂ. ૧-૦૦ એક તથા ત્યાર પછીના તહેવારોએ રૂપીઓ ૦-૫૦ પૈસા (અર્ધો રૂપીયો) દીકરાની વહુને મોકલવો તેની વળતરમાં દીકરીનાં માવિત્રોએ રૂ. ૦-૧૦ પૈસા (દશ પૈસા) આપવા.

નોંધ :- ઉપર જણાવ્યા મુજબ લાગા (સંપેતરૂ) દિવાળી – હોળી અને જન્માષ્ટમીના તહેવારોએ જ મોકલવા.

ઠરાવ ૭ મો (સુધારા સહિત)

લગ્ન લખવા સબંધે.

લગ્ન લખતી વખતે કન્યા પક્ષે લગ્નના પુડામાં રૂ. ૧-૨૫ (સવા રૂપીઓ) મુકવાનો રહેશે.

લગ્ન વધાવતી વખતે વર પક્ષે રૂ. ૧-૨૫ સવા રૂપીઓ આપીને લગ્ન વધાવવાનું રહેશે.

લગ્ન વધાવવા લઈ જવા માટે કન્યા પક્ષ તરફથી બે માણસોએ જવું અને તેઓને વર પક્ષે એક ટાણું જમાડવાનું રહેશે.

ઠરાવ ૮ મો (સુધારા સહીત)
(લગ્ન [વિવાહ] સમ્બંધે)

૧ વર અને અણવર સિવાય જાનમાં ૨૫ માણસોએ જવું પણ અનિવાર્ય સંજોગોમાં વધુમાં વધુ ૫૦ માણસો જઇ શકશે. અને કન્યા પક્ષે જાનને એક ટાણું જમાડવી. (બે ટાણાં કરવાં નહીં)

૨ આ પ્રસંગે વર પક્ષે લાગા તરીકે નીચે મુજબ આપવાનું રહેશે.

(૧) વાયણાંના રૂા. ૨૦–૦૦ વીસ.

(૨) કોગળા કરાવવાનો રૂા ૧–૦૦ એક.

(૩) પોંખવાનો રૂા ૧–૦૦ એક.

(૪) પડલાંના કપડાં પહેરી માથે હાથ ફેરવતી વખતે સાસુ સસરા તથા લાગ લેતા કુટુંબીઓએ માથે હાથ ફેરવીને કન્યાને એક એક રૂપીઓ આપવો.

(૫) ઉમીયા માતાજીનો રૂા. ૧–૨૫ સવા રૂપાંયો.

(૬) મંદિરના ધર્માદાના લાગાના રૂા. ૫–૨૫ સવા પાંચ

(૭) લગ્ન વિધિ કરાવવાના બ્રાહ્મણને દક્ષિણાના રૂા. ૫–૦૦ પાંચ વર પક્ષ તરફથી તથા રૂા. ૨–૫૦ અઢી કન્યા પક્ષ તરફથી આપવા.

(૮) હેલવાડાના રૂા. ૪–૦૦ ચાર આપવા

(૯) ઢોલી તથા વાળંદને ગોળના રૂા. ૫–૦૦ પાંચ આપવા.

૩ તદુપરાંત લગ્ન પ્રસંગે નીચેની વસ્તુઓની લેવડ દેવડ કરવાની રહેશે.

અ વર પક્ષ તરફથી કન્યા પક્ષને આપવાના નીચે મુજબ

(૧) દાંતની ખરખરી નં. ૧
(૨) કપડાં સુતરાઉ નંગ ૩ (સાડી-પોલકું-ચણિયો),
(૩) પડલામાં કાંકણુ મહેલું નંગ ૧ અથવા વીટી નંગ ૧
(૪) સાકર અથવા ગોળ કીલો ૧। (સવા).

બ કન્યા પક્ષ તરફથી વર પક્ષને આપવાના નીચે મુજબ.

(૧) જમાઇને (કપડાં બદલ આપવાની રોકડ રકમ) રૂા. ૨૫-૦૦ પચીસ
(૨) વરના પિતાને રૂા. ૧૫-૦૦ પંદર
(૩) વરના માતાને રૂા. ૧૫-૦૦ પંદર
(૪) વરનાં દાદાને રૂા. ૫-૦૦ પાંચ
(૫) વરનાં દાદીને રૂા. ૫-૦૦ પાંચ
(૬) બાકીના કુટુંબે (કાકા-કાકી જેઠ-જેઠાણી વગેરે વગેરે) પેરામણીમાં રૂપીઆ બે બે આપવા.
(૭) તાંબા પીતળની હેલને બદલે રૂા. ૧૦૦) એકસો પુરા.
(૮) થાળી નંગ ૧ અને વાટકો નંગ ૧.

૪ કન્યાદાનમાં કોઇએ વાસણો આપવાં નહીં અને પોતાની શક્તિ મુજબ મર્યાદિત રોકડું આપવું અને તેની જાહેરાત કરવી નહીં.

૫ લગ્નની ચોરી બાંધવા માટે પ્રજાપતી પાસેથી જે વાસણો લેવાય તેના ખર્ચના બંને પક્ષે અર્ધા અર્ધા આપવાના રહેશે અને તે વાસણો બંને પક્ષે અર્ધો અર્ધ વહેંચી લેવાનાં રહેશે.

૬ લગ્નવિધી થઇ ગયા બાદ કન્યા વરના ઉતારે જાય ત્યારે નવ વધુનો ખોળો ભરવામાં વરપક્ષ તરફથી સીંગદાણા શેર ૨ આપવાના

રહેશે (ત્યાં કોઇપણ જાતનો પરસાદ વહેંચવાનો નહીં) અને નવ વધુને હાથ ફેરવતી વખતે સાસુ અને સસરા સિવાય કોઇએ પૈસા આપવા નહીં.

૭ માંડવો વરસાવાનો લાગાનો ફઇબાને રૂા. ૧-૦૦ એક આપવો

ઠરાવ ૯ મો (સુધારા સહિત)

સમુહ લગ્ન સબંધિ.

(૧) આપણી જ્ઞાતિમાં લગ્નો દર બીજે વરસે રાખવા એટલે કે આવતી સાલ સવંત ૨૦૨૮મા દરેકને લગ્ન કરવાની છુટ રહેશે અને ત્યાર બાદ સાં. ૨૦૨૯ની સાલમાં કોઇએ પણ લગ્ન કરવા નહિં ત્યાર પછી સવંત ૨૦૩૦ની સાલમાં લગ્ન કરવા એ રીતે એક વરસ છોડીને બીજે વરસે લગ્ન કરવા એ રીતે ક્રમ જાળવવાનો છે.

(૨) કચ્છમાં જે વરસે લગ્ન થવાના હોય તે વરસના ચૈત્ર અને વૈશાખ માસ આ બે માસના ગાળામાં લગ્ન થઇ જવા જોઇએ અને પરદેશ વસતા ભાઈઓને લગ્ન પરદેશમાં કરવા હોય તો પણ તે જ સાલમાં પુરા વરસમાં ગમે ત્યારે લગ્ન કરવા અપવાદ રૂપે જન્માષ્ટમીના દિવસે (ગોકળીયા વિવાહ) દર વરસે લગ્ન કરવાની છુટ રહેશે.

(૩) કોઇપણ ગામ કે કુટુંબ સમૂહ લગન (એક સાથે એકજ દિવસે લગ્ન કરવા માગતા હોય તો કોઈપણ ગામમાં વરપક્ષવાળાએ વાંધો લેવો નહીં. આ સમુહ લગ્ન પ્રથાને કોઈપણ તોડવા પ્રયત્ન કરે તો તેને કુટુંબ તથા ગામ સમજાવે. અને જો ન સમજે તો તેના સાથે અસહકાર કરવો એ સર્વે ભાઈઓની પવિત્ર ફરજ છે.

ઠરાવ ૧૦ મો (સુધારા સહિત)
આણાં સબંધે

૧. પરણ્યા બાદ કન્યા લગભગ એક માસ સાસરાના ઘેર રહેશે અને વળતા આણાંમાં ૫ માણસોએ જવું સંજોગોવસાત વધુમાં વધુ ૧૨ માણસોએ જવું. અને એક ટાણું રહેવું.

૨. લગન થયા પછીની જન્માષ્ટમી પછી કન્યાને તેના સાસરાને ઘરે મોકલી આપવી. (બીજા આણાં કરવા નહીં.)

ઠરાવ ૧૧ મો
મામેરા સબંધે

૧. પહેલા મામેરામાં ભાણેજાને વાધાના કપડા વગેરે તેમજ બહેન તથા બનેવીને કપડાની જોડ આપવા તે સિવાય બાકીનાઓને પહેરામણી બદલ દરેકને રૂા ૨–૦૦ બે રોકડા આપવા અને જમણ તેમજ દાગીના વગેરે બદલ રોકડ રકમ. વધુમાં વધુ એકંદર રૂા. ૫૦૦–૦૦ પાંચસોની અંદર આપવી તેથી વિશેષ આપવી નહીં તેમજ બાકીના દરેક મામેરામાં ઉપર મુજબ કપડાઓ તદઉપરાંત જમણ તથા દાગીનાઓ બદલ રોકડ રકમ એકંદર વધુમાં વધુ રૂા ૨૦૦–૦૦ બસોની અંદર આપવી.

૨ મામેરાની વળતરમાં કાંઇપણ કપડું કે રોકડ આપવી નહીં તેમજ મામેરૂં બેઠું ભરવું અને તેની જાહેરાત કરવી નહી અને માણસોએ પણ મર્યાદિત જવું.

ઠરાવ ૧૨ મો (મુળ ઠરાવ કાયમ)
પુનઃલગ્ન સબંધે

૧ કોઇપણ કન્યા વિધવા બને અથવા છુટાછેડાના રિવાજ મુજબ છુટા-

છેડા કરવામાં આવે તેનું પુનર્લગ્ન (ઘરઘેડું) કરી શકશે.

૨ આવા પુનર્લગ્ન સગપણ કરતી વખતે વરપક્ષ તરફથી રૂા. ૨-૦૦ બે ફેરવવાનાં આપવાના રહેશે અને સગપણ નક્કી થયા બાદ એ બે રૂપીયા પ્રસાદી માટે આપવાના રહેશે.

૩ આવા પુનર્લગ્નમાં વરપક્ષ તરફથી વર અને અણુવર સિવાય ૧૫ પંદર માણસોએ જવું અને એક ટાણું જમવાનું રહેશે.

આ પુનર્લગ્ન નિમિત્તે ચોખાના જમણના રૂા. ૧૦-૦૦ દશ તથા પુનલગ્ન (ઘરઘેણું) ના જમણ (ખીચડી) ના રૂા ૬૦-૦૦ સાઠ વરપક્ષે આપવાના રહેશે.

૪ તદુપરાંત વરપક્ષે નીચે મુજબ કપડાં તથા દાગીના આપવાના રહેશે. (૧) સુતરાઉ કાપડની જોડ (કન્યા માટે) (૨) નાકની સળી હેમની નંગ ૧ (૩) મઢેલું કાંકણુ નંગ ૧. (૪) પગના સાંકળાં જોડી ૧ (૫) ચાંદીનો હાર ૧.

આ ઉપરાંત દાગીના કે રોકડ રકમ કાંઇ પણ આપવું નહિં.

૫ પાછા પગનાં આણામાં કન્યાપક્ષ તરફથી પાંચ માણસોએ જવું આ આણામાં બે ટાંણા રહેશે.

ઠરાવ ૧૩ મો (મુળ ઠરાવ કાયમ)

છુટા છેડા સબંધે

એક વખત સમજી વિચારી લગ્ન ગ્રંથીથી જોડાયા બાદ છુટા છેડા લઇ શકાશે નહિં પરંતુ પતિ પત્નીમાંથી કોઇ પણ એક હિન્દુ કાયદા મુજબ ખોડ ખાંપણ વાળું હોય ત્યારે જ્ઞાતિની સમતિથી છુટાછેડા લઇ શકશે.

ઠરાવ ૧૪ મો (મુળ ઠરાવ કાયમ)
મરણ પછીના ખર્ચ (દાડા) સબંધે

૧ મરનાર વ્યક્તિ પાછળ કોઇએ ખર્ચ (દાડો) કરવો નહીં.

૨ બારમાની વિધી પુરી કરી બ્રાહ્મણો – નિયાણીઓ કે ગરીબોને પોતાની શક્તિ અનુસાર જમાડવા.

૩ મરનાર વ્યકિત પાછળ તેમના સ્મરણાર્થે કોઇ રકમ આપવા માગતા હોય તો તેઓને સમાજના કેળવણી ફંડમાં અથવા એવા સામાજિક ઉન્નતિનાં કાર્યોમાં તે રકમ આપવા આ પરિષદ ખાસ ભલામણ કરે છે.

ઠરાવ ૧૫ મો (મુળ ઠરાવ કાયમ)
કુદરતી ઘર ભંગ થાય તે સબંધે

૧ દીકરીને સાસરાને ઘેર મોકલ્યા પછી મૃત્યુ પામે તો, દીકરીના જીવીત સમય દરમ્યાનઆપેલ દાનની કોઇ પણ વસ્તુ પાછી લેવી નહીં.

૨ જમાઇનું મૃત્યુ થાય અને તેવા પ્રસંગે બાઇના માવિત્રો તે બાઇને ત્યાંથી લઇ જવા માંગતા હોય તો બાઇના માવિત્રોએ આપેલા દાગીના સિવાય બીજું કંઇ પાછું લઇ જઈ શકશે નહીં.

પરંતુ તે બાઇને બાળકો હોય અને તે, બાઇની સાથે ન લાવતાં ત્યાંજ છોડી આવવાનાં હોય તો તેવા પ્રસંગે બાઈના માવિત્રોએ બાઇને આપેલા દાગીના તથા અન્ય કોઇ પણ વસ્તુ પાછી લઈ જઇ શકશે નહી.

ઠરાવ ૧૬ મો (મુળ ઠરાવ કાયમ)

આથી આ સમાજ ખાસ ભલામણ કરે છે કે આ પ્રગતિશીલ યુગને

અનુસરીને સૌ પોતાનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ ફરજિયાત અપાવે. તથા જે કોઇ પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાની ધગશ જણાવે તેને સમાજ અત્યંત ઉત્સાહ આપે છે અને તેની કદર કરે છે.

ઠરાવ ૧૭ મો
રીત-રિવાજો અને લગ્ન વિધીની પુસ્તીકાઓ છપાવવા વિષે :-

૧ ઉપરોકત મંજુર થએલ ઠરાવોની જાણ આપણી સમાજમાં થાય તે માટે પુસ્તીકાઓ છપાવીને બહાર પાડવી જરૂરી છે.

૨ દરેક ગામની દરેક બ્રાહ્મણોના રિવાજો અલગ અલગ પ્રકારના હોય છે. તેથી ઘણી વખત મનદુઃખ થવાનો પ્રસંગ ઉત્પન ન થાય તે માટે તેની ખાસ રીતો નક્કી કરી અને લગ્ન વિધીની પુસ્તીકા છપાવી બહાર પાડવી જરૂરી છે.

આ સુધારાઓ સવંત ૨૦૨૮ ની શરૂઆતથી અમલમા આવે છે.

પ્રમુખ

સમાજ પ્રત્યે.....

જે કુટુંબમાં કૌટુમ્બિક જવાબદારી વિષે કોઈ એમ કહેવા લાગે કે મારે શું ? એ કુટુંબનું ખંડન નિશ્ચિત માનજો જે સમાજમાં વ્યક્તિઓ પોતાનું સામાજીક કર્તવ્ય બજાવતી નથી તે સમાજ નીચેજ જશે, કીડી અને મધ-માખી જેવા તુચ્છ ગણાતા જીવડા પણ સહકારી ધોરણે રહે છે. અને તેમાં કોઇ પોતાની ફરજ ચૂકતું નથી જે ચૂકે છે તે જીવવાનું અધિકારી નથી રહેતું. કુટુંબ સમાજ અને રાષ્ટ્ર સહકારી ધોરણે જ સુગઠીત રહી શકે અને સહકારી પ્રવૃત્તિ વ્યક્તિગત ફરજની અદાકારી પર નિર્ભર છે.

— શ્રી

યુનાઇટેડ પ્રિન્ટર્સ શરાફ બજાર, ભુજ.